# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# IFFCO Chairman

ભારતની સૌથી મોટી ખેડૂત સહકારી સંસ્થા ઇફ્કોના ચેરમેન પદે સહકારી નેતા દિલીપ સંઘાણી ફરી એકવાર બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. નવી દિલ્હીમાં ઇફ્કોના વડામથક ખાતે આજે યોજાયેલી ચૂંટણીમાં વાઈસ ચેરમેન તરીકે બલવિંદરસિંહની વરણી થઈ છે.

ઉત્તરાખંડના ઉમેશ ત્રિપાઠીએ સંઘાણીનાં નામની દરખાસ્ત કરી હતી, જ્યારે હરિયાણાના પ્રહલાદ સિંહે તેમને ટેકો આપ્યો હતો. વિજેતા બન્યા બાદ સંઘાણીએ બોર્ડ મેમ્બર્સનો આભાર માન્યો હતો.

ગઈકાલે ઈફકોના ડિરેકટર પદની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપના જ બે ઉમેદવારો બિપિન પટેલ અને જયેશ રાદડિયા વચ્ચેની સ્પર્ધામાં જયેશ રાદડિયાનો બહુમતીથી વિજય થયો હતો. જયેશ રાદડિયા હાલ રાજકોટની જેતપુર બેઠક પરથી ભાજપના ધારાસભ્ય છે. આ ઉપરાંત તેઓ રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન છે.

# MORBI- MACHHU DAM

મોરબીની જીવાદોરી સમાન મચ્છુ- ૨ ડેમના દરવાજાના સમારકામની કામગીરી રવિવારથી શરૂ કરવામાં આવશે.. તારીખ ૧૨મી મે થી ૧૫ મે સુધી મચ્છુ ૨ ડેમ ક્રેસ્ટ લેવલ સુધી ખાલી કરાશે. જેથી મચ્છુ-૨ ડેમ અને મચ્છુ-૩ ડેમની હેઠવાસમા આવતા મોરબી અને માળીયા તાલુકાના 34 ગામોને સતર્ક કરાયા છે.. ગ્રામજનોને નદીના પટમાં અવરજવર નહિ કરવા સૂચના અપાઇ છે.. આ ઉપરાંત મોરબી શહેરમાં મયુરબ્રીજ નીચેના બેઠા પુલ પરથી અવરજવર ન કરવા જણાવાયું છે.. નીચાણ વાળા વિસ્તારના લોકોને સલામત સ્થળે જતા રહેવા માટે પોલીસ ટીમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# AKHATRIJ

આજે અખાત્રીજ એટલે વણજોયુ મુર્હુત... કોઇપણ શુભકાર્ય કરવા માટે આજનો સંપૂર્ણ દિવસ શ્રેષ્ઠ છે. બજારોમાં સોના-ચાંદીની ખરીદી માટે આજે ભીડ જોવા મળી રહી છે. આજના દિવસે રાજ્યભરમાં મોટી સંખ્યામાં લગ્નપ્રસંગો યોજાઇ રહ્યા છે. આજથી ખેડૂતો તેમના નવાવર્ષનો આરંભ કરે છે.. કૃષિના સાધનોની પૂજા કરીને ધરતીપુત્રો નવા વર્ષનો આંરંભ કરે છે..

અરવલ્લીમાં ખેડૂતોએ પરંપરાગત રીતે ખેતઓજારોનું પૂજન કરી એકબીજાનું મોઢું મીઠું કરાવીને ખેતીના નવા વર્ષની શરૂઆત કરી હતી....

સુરેન્દ્રનગરના લખતર તાલુકામાં પણ ખેડૂતોએ હળ અને બળદને શણગારીને પૂજા અર્ચના કરી ખેતીકામનું મહુર્ત કર્યું હતું.

# LUNAWADA- STHAPNA DIVAS

ઐતિહાસિક નગર લુણાવાડાનો આજે 591મો સ્થાપના દિવસ છે. જીલ્લા કલેક્ટરે લુણેશ્વર મંદિરમાં તેમના પરિવાર સાથે પૂજા અર્ચના કરી હતી. ઉલ્લેખનીય છે કે, ઇ.સ.૧૪૩૪ ના રોજ મહારાજા ભીમસિંહે લાવણ્યપુરી એટલે કે લુણાવાડા નગરનો પાયો નાંખ્યો હતો.. આ પ્રસંગે લુણાવાડાના રાજવી સિદ્ધરાજસિંહ, નગરપાલિકાના કર્મચારીઓ સહિત વિવિધ અગ્રણીઓ અને નાગરિકો શોભાયાત્રામાં જોડાયા હતા..

# PARSHURAM JAYANTI

રાજ્યભરમાં અખાત્રીજની સાથે પરશુરામ જયંતિની પણ ઉજવણી થઇ રહી છે.. વિવિધ જીલ્લાઓમાં ભગવાન પરશુરામની જયંતિની ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રા યોજાઇ રહી છે..

અમદાવાદમાં ઇસ્કોન મંદિરથી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભગવાન વિષ્ણુના અવતારો વિશે માહિતી આપતા 60 જેટલા રથ તૈયાર કરવામાં આવ્યા હતા.

જુનાગઢમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બે દિવસ પરશુરામ જયંતિની ખાસ ઉજવણી કરવામાં આવી, જેમાં પ્રથમ દિવસે બાઇક રેલી તેમજ સમૂહ બ્રહ્મ ભોજન ત્યારબાદ ભવનાથ રામ ટેકરી ખાતે મહા આરતી યોજાઇ હતી. આજે વિવિધ ઝાંખી સાથે જુનાગઢ શહેરમાં પરશુરામ ભગવાનની રવેડી શોભાયાત્રા નીકળે છે અને મોટી સંખ્યામાં લોકો જોડાય છે.

મહીસાગર જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જયંતિ નિમિત્તે પરશુરામ ચોકથી શોભાયાત્રા યોજાઇ હતી. ધામધૂમપૂર્વક નીકળેલી ભગવાન પરશુરામની શોભાયાત્રા નગરના માર્ગો પર જય પરશુરામના નાદ સાથે ફરી હતી.

પોરબંદરના જેતપુર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શોભાયાત્રાનું આયોજન કરાયું..

# REV. IPL CRICKET

આઇપીએલ ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સ આજે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઇ સુપર કિંગ્સ સાથે ટકરાશે. હાલમાં, CSK પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. CSK માટે, આજે મળેલી જીત તેમની પ્લે-ઓફની આશાઓને મજબૂત કરશે, જો કે ગુજરાત માટે, જીત સિવાય બીજું કંઈ તેમની આશા જીવંત રાખી શકશે નહીં.